**DATE: 28/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# વાગલખોડ ગામે રૂ.63 હજારના દારુ સાથે બે ઝડપાયા



ભરૂચ: વાગલખોડનાં પ્રદીપભાઈ રતિલાલ વસાવા પોતાના ઘરમાં દારૂ અને તેનો મળતીયો જોન્સનભાઈ વિલ્સનભાઈ વસાવા પણ ઘરમાં દારૂ સંતાડી રાખ્યો હોવાની બાતમી વાલીયા પોલીસને મળતાં રેડ કરી દારૂનો જથ્થો અને ટીન બીયર નંગ-632 મળીને કુલ રૂ.63,200/- મુદ્દામાલ કબજે કરીને બંને ઇસમોની ધરપકડ કરી હતી.

**DATE: 28/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### નેત્રંગના જીનબજાર વિસ્તારમાં

# અગમ્ય કારણે યુવકના માથામાં શખ્સે લાકડાના સપાટા મારતા મોત

નેત્રંગ તા.૨૭

નેત્રંગ નગરના જીનબજાર વિસ્તારમાં આવેલા માકેટયાર્ડમાં રહેતા સુલેમાન સિદિક મંગલીયા (ઉ.૪૦) ઉંટલાળી ચલાવી મજુરીકામ કરી ઘરગુજરાન ચલાવતા હતા.

## પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને પકડી પાડી જેલ ભેગો કર્યો

તા.૨૭ના રોજ સવારે ઘરમાં ચા બનાવાની હોવાથી દુધ લેવા માટે ગયા હતા.ત્યાંથી પરત ફરતાં દરમ્યાન રસિક કુમારસિંગ વસાવાએ અગમ્ય કારણે લાકડાના સપાટા સુલેમાન સિદિક મંગલીયાને માથાના ભાગે મારતા જમીન ઉપર ઢળી પડતા ઘટના સ્થળે લોકટોળા ઉમટી પડતા ૧૦૮ મારફતે નેત્રંગ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર કરાવી હતી.જે બાદ અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલમાં લઇ જવા દરમ્યાન મોત નિપજયુ હતુ.

નેત્રંગ પોલીસ ગણતરીના સમયમાં રસિક કુમારસિંગ વસાવાને પકડી જેલભેગો કરી દેવામાં આવ્યો હતો.

**DATE: 28/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### અંકલેશ્વરના ગોયા બજારમા

# ટેમ્પોમાંથી શંકાસ્પદ લોખંડના સળિયાના જથ્થા સાથે ચાર શખ્સ ઝડપાયા

અંકલેશ્વર, તા. ૨૭

અંકલેશ્વરમાં ગોયા બજાર વિસ્તારમાં શંકાસ્પદ લોખંડના સળિયાના જથ્થા સાથે ૪ શખ્સની ભરૂચ એસ.ઓ.જી. પોલીસે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ભરૂચ એસ.ઓ.જી. પોલીસે રૂ.૧.૦૭ લાખનો મુદ્દામાલ કબજે લીધો

ભરૂચ એસ.ઓ.જી.પોલીસ ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમા પેટ્રોલીંગમાં હતી. તે સમયે બાતમીના આધારે અંકલેશ્વર શહેર, ગોયાબજાર વિસ્તારમાં આવેલા દાતાર સ્ક્રેપની દુકાન આગળ થ્રી-વ્હીલ ટેમ્પામાં શંકાસ્પદ લોખંડના સળીયા ભરીને વેચવા માટે આવેલા છે.જેના આધારે ગોયાબજાર વિસ્તારમાં આવેલા દાતાર સ્ક્રેપની દુકાન આગળ ટેમ્પામાં તપાસ કરતા તેમા લોખંડના સળીયા કુલ વજન-૨૫૦ કિ.ગ્રા મળી આવ્યા હતા. જે અંગે લોખંડના સળીયાનુ ખરીદ બીલ કે આધાર પુરાવા બાબતે હાજર શખ્સોએ સંતોષકારક જવાબ નહી આપતા મુદ્દામાલ ચોરીથી મેળવેલ હોવાનુ જણાઈ આવતા તેઓની અટક કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.પોલીસે લોખંડના સળીયા કુલ વજન- ૨૫૦ કી.ગ્રા રૂ. ૭૫૦૦ થ્રી વ્હીલ ટેમ્પો મળી કુલ રૂ. ૧,૦૭,૫૦૦ના મુદ્દામાલ સાથે ધર્મેન્દ્ર છીતેનભાઈ જેસ્વાલ,અબ્દુલ મજીદ શેખ,કિરણ વેચાણ વસાવા, જસવંત જેન્તી વસાવાની અટકાયત કરી હતી.

**DATE: 28/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVY BHASKAR PAGE-01**

## નર્મદા ચોકડી સહિતના વિસ્તારોમાં ચેકિંગ

# ભરૂચમાં રેતીની 4 ટ્રક ઝબ્બે 1.25 કરોડનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં બેફામ રેતીખનનની ફરિયાદો વચ્ચે ભુસ્તર વિભાગે ઓવરલોડ વાહનો ઝડપી પાડવા ચેકિંગ શરૂ કરી દીધું છે. ખનીજનું ગેરકાયદેસર વહન અને ખનીજ ચોરી અટકે તે માટે ભરૂચમાં અલગ અલગ વિસ્તારમાં સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવી રહયું છે. રવિવારે વહેલી સવારે ભરૂચ ભુસ્તર વિભાગે ભરૂચની નર્મદા ચોકડી તથા તવરા રોડ વિસ્તારમાં આકસ્મિત તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન સાદી રેતી ખનીજના બિનઅધિકૃત વહન કરતાં કુલ 2 ટ્રક પકડવામાં આવ્યા હતા. જે મળી કુલ 80 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. સાથે દેરોલ ચોકડી ભરૂચ અને બાકરોલ રોડ પણ તપાસ કરીને બે ટ્રક પકડીને 45 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આમ જપ્ત કરેલા માલને ક્રમશ જિલ્લા સેવા સદન ભરૂચ તેમજ પાનોલી પોલીસ સ્ટેશન ખાતે સીઝ કરી રાખવામાં આવ્યા છે.અલગ સ્થળે મળીને કુલ 1.25 કરોડનું ગેરકાયદેસર ખનીજ ચોરી અટકાવવા માં આવી હતી. ભરૂચ જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદીમાં આવેલી લીઝોમાંથી બેફામ રેતી ખનન કરવામાં આવી રહયું છે. ઝઘડિયાથી રાજપારડી તરફ જતાં માર્ગ પર રેતીના ડુંગરો ખડકી દેવામાં આવ્યાં છે.

**DATE: 29/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

1,000 શંકાસ્પદનું બાયોમેટ્રિક કરતાં સાચી ઓળખ બહાર આવી, હવે સેન્ટ્રલ આઈબી અને સ્ટેટ આઈબીની ટીમો દસ્તાવેજનું ક્રોસ વેરિફિકેશન થશે

# 20 વર્ષથી ભરૂચમાં રહેતા 33 બાંગ્લાદેશી પકડાયા, પશ્ચિમ બંગાળથી ભારતમાં ઘૂસ્યા હતા

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

પહેલગામ હુમલા બાદ રાજ્યભરમાં બાંગ્લાદેશી, પાકિસ્તાની નાગરિકોનું સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. ભરૂચ જિલ્લામાં પણ 20-20 વર્ષથી રહેતાં 33 બાંગ્લાદેશીઓની અટકાત કરી પૂછપરછ હાથ ધરાઈ છે. હાલમાં તમામને કાળી તલાવડી સ્થિત પોલીસ હેડ ક્વાટર્સમાં રાખવામાં આવ્યા છે. દિવ્યભાસ્કરે આ બાંગ્લાદેશીઓ કેવી રીતે, ક્યાંથી અને કોના થકી અહીં પહોંચ્યાં? પોલીસે કેવી રીતે પકડ્યા અને આટલાં સમય સુધી આ લોકો શું કરી રહ્યાં હતાં તેની તપાસ કરી છે.

પહેલગામ હુમલા બાદ પાકિસ્તાની અને બાંગ્લાદેશીઓને વતન પરત મોકલવાના આદેશ મળતાં જ ભરૂચ પોલીસની 50 ટીમોએ 1,000થી વધુ શંકાસ્પદ લોકોની બાયોમેટ્રીક અને પાસપોર્ટ, આધારકાર્ડ અને પાનકાર્ડ જેવા દસ્તાવેજોનું ક્રોસ વેરિફીકેશન કર્યું હતું. જેમાં 33 શખસો બાંગ્લાદેશના હોવાનું માલૂમ પડ્યું હતું. આ તમામ ઘૂસણખોરો પશ્ચિમ બંગાળના 24 પરગણા ...અનુસંધાન પાના નં. 02 પર

## નકલી આધાર કાર્ડ, પાસપોર્ટ બનાવડાવી સ્થાનિક સંપર્કોથી અંકલેશ્વર-ભરૂચમાં નોકરી મેળવી હતી



### બાયોમેટ્રિકે ઘૂસણખોરોનો પર્દાફાશ કર્યો, આધારકાર્ડ, પાનકાર્ડ જપ્ત

ભરૂચ જિલ્લામાં જ્વેલર્સની દુકાનોમાં કામ કરતાં બંગાળી કારીગરોની સંખ્યા પણ વધારે છે. ભરૂચ પોલીસે 1 હજાર લોકોનું બાયોમેટ્રિક કર્યું હતું. 33 શંકાસ્પદના પાસપોર્ટ, આધારકાર્ડ અને પાનકાર્ડ સહિતના દસ્તાવેજો કબજે લીધા હતા. બાયોમેટ્રીકમાં જે લોકો બાંગ્લાદેશના હોવાનું માલુમ પડ્યું છે તેમનું હવે ક્રોસ વેરિફિકેશન કરાશે.

### એક બાંગ્લાદેશીએ તો માછીમારી કરવા ભરૂચમાં તળાવ ભાડે રાખ્યું હતું

ભરૂચ પોલીસ હેડક્વાટર્સમાં રાખવામાં આવેલાં એક બાંગ્લાદેશી નાગરિક સાથે વાતચીત કરતાં તેણે જણાવ્યું હતું કે, તે 2003થી ભરૂચ જિલ્લામાં રહે છે અને તે તળાવ ભાડે રાખી તેમાં મચ્છીનો ઉછેર કરવાનો વ્યવસાય કરે છે. તાજેતરમાં જ તેણે રૂ.3 લાખમાં તળાવ ભાડે રાખ્યું છે. જો કે, હવે પોલીસે તેના દસ્તાવેજો કબજે લીધા છે. આગળની કાર્યવાહીમાં વધુ વિગતો બહાર આવશે.

**ભાસ્કર ઈન્સાઈટ**

### બાંગ્લાદેશના એજન્ટો સરહદ પાર કરાવી દેતા, ભારતના એજન્ટો નકલી દસ્તાવેજ બનાવી આપે

બાંગ્લાદેશમાં એજન્ટો સરહદ પાર કરાવી દે છે. જે બાદ ભારતમાં રહેતાં બાંગ્લાદેશના એજન્ટો ઘૂસણખોરોનો આધારકાર્ડ સહિતના નકલી દસ્તાવેજો બનાવી આપે છે. જેના આધારે ભારતનો નાગરિક બની જાય પછી સ્થાનિક સંપર્ક થકી નોકરી, ધંધા શરૂ કરી દેતાં હોય છે. અંકલેશ્વર અને દહેજમાં આવેલી કંપનીઓમાં આવા લોકો વધુ હોય છે. છુટક મજૂરી, ભીખ માગવાનું અથવા લોબાન કે ધૂપનું વેચાણ કરવાનો ધંધો કરતાં હોય છે. 10થી 12 વર્ષ પહેલાં ભરૂચમાં 500ની નકલી નોટ છાપવાનું કૌભાંડ પકડાયું હતું જેમાં બાંગ્લાદેશીઓ પશ્ચિમ બંગાળના માલદાના દસ્તાવેજો હતાં. » કૌશિક પંડયા, નિવૃત્ત ડીવાયએસપી

**DATE: 29/04/2025 CATEGORY : GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 75 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

# ભરૂચની ભીડભંજન ખાડીમાં જુગાર રમતાં ચાર ખેલી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સિટી એ ડિવિઝન પોલીસ રાત્રી પેટ્રોલિંગમાં હતી તે વેળા બાતમી મળી હતી કે કેટલાક ઈસમો ભીડભંજની ખાડી હનુમાન મંદિર ના પાછળ જુગાર રમી રહ્યા છે. ત્યારે પંચ સાથે પોલીસે રેડ કરતા સ્થળ પરથી ચાર ઈસમો જુગાર રમતા ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાં આકીબ મોહમંદ ફરીદ શેખ, બળદેવ જાદવ, વિશાલ વસાવા અને અનિલ માછી ની તપાસ કરતાં રોકડ રૂપિયા 10 હજાર, બે બાઈક જેની કિંમત રૂપિયા 60 હજાર મળી કુલ 75 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ત્યાર બાદ પોલીસ વિભાગે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આમ પોલીસ વિભાગ પેટ્રોલીંગ કરીને જુગાર ધામો પર રેડ કરીને ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિ બંધ કરાવી રહ્યા છે. જિલ્લામાં અગાઉ કેટલાક વિસ્તારમાં ચાલતા જુગારના અડ્ડાઓ બંધ કરાવી દેવામાં આવ્યાં છે. આગામી દિવસોમાં પણ દારૂ તથા જુગારની બદીને ડામી દેવા માટે પોલીસ કડક હાથે પગલાં ભરવા સજ્જ બની છે.

**DATE: 29/04/2025 CATEGORY : GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# વાગલખોડ ગામે 63 હજારનો દારૂ ઝડપાયો

**વાલિયા|** વાલિયાના વાગલખોડ ગામના કુખ્યાત બુટલેગર પ્રદીપ વસાવા અને જોન્સન વસાવા દારૂનો મોટો જથ્થો પોતાના ઘરમાં દારૂ સંતાડી રાખેલ હોવાની માહિતી મળી હતી .પોલીસે રેડ કરતા દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. બંનેની ધરપકડ કરી 63 હજારનો દારૂ જપ્ત કર્યો હતો.

**DATE: 01/05/2025 CATEGORY:GREEN**
**E-PAPER DIVYBHASKAR PAGE- 04**

### વાલિયા ચોકડી પાસે કેબિનમાંથી મૃતદેહ મળી આવ્યો હતો

# અંકલેશ્વરમાં ટેન્કર ડ્રાઈવરની હત્યા લૂંટના ઈરાદે, બે આરોપી ઝડપાયા

## ચાર રાજયોમાં શોધખોળ બાદ અંતે આઝમગઢથી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંક્લેશ્વરમાં થોડા દિવસ પહેલાં ટેન્કરની કેબિનમાંથી ડ્રાઈવરનો મૃતદેહ મળવાના ગુનાનો ભેદ પોલીસે ઉકેલી નાંખ્યો છે. ઉત્તરપ્રદેશના આઝમગઢથી બે હત્યારાઓની ધરપકડ કરવામાં આવી છે. પૈસાની તંગી હોવાથી બંને ઘાતક હથિયારો લઈને લૂંટ કરવાના ઈરાદે નીકળ્યાં હતાં. તે વેળા પાર્ક કરેલાં ટેન્કરમાં ઉંઘી રહેલાં ડ્રાઈવરને જોઈ તેઓ કેબિનમાં પ્રવેશ્યા હતાં પણ ડ્રાઈવર જાગી જતાં તેમણે છરાના ઘા મારીને તેની હત્યા કરી નાંખી હતી.

12 એપ્રિલથી 14 એપ્રિલ 2025 વચ્ચે સુરતથી ભરૂચ જતી નેશનલ હાઈવે નંબર 48 ઉપર અંકલેશ્વર ખાતે યુ.પી.એલ.-1 કંપની પાસે આવેલા સર્વિસ રોડ પર એક ટેન્કરમાં ડ્રાઈવર હોરીલાલ યાદવનું હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. ટ્રાન્સપોર્ટર ઓમપ્રકાશ લહાએ અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. એલસીબી તથા બી ડિવિઝન પોલીસની ટીમે સ્થળની મુલાકાત કરી જરૂરી પુરાવા ભેગા કર્યા હતાં. તપાસ દરમિયાન આ હત્યામાં વાલિયા ચોકડીના બ્રિજની નીચે રહેતાં યુવાનોની સંડોવણી હોવાની માહિતી મળી હતી. ત્યાં તપાસ કરવામાં આવતાં મહારાષ્ટ્રના વતની જમની ઉર્ફે સીનુ વણઝારા અને ભંગારૂ ભોસલે ગાયબ હોવાથી તેમના પર શંકા મજબૂત બની હતી. પોલીસે વિવિધ ટીમો બનાવીને મહારાષ્ટ્ર, ઝારખંડ, એમપી અને યુપીમાં આરોપીઓની શોધખોળ આદરી હતી. આ દરમિયાન બંને આરોપીને ઉત્તરપ્રદેશના આઝમગઢથી ઝડપી લેવાયાં હતાં. તેમણે કબૂલાત કરી હતી કે, તેઓ પૈસાની તંગીથી કંટાળી ને બને લૂંટના ઈરાદે રસ્તા પર નીકળ્યા હતા. તેઓ એક ટેન્કરમાં સુતા ડ્રાઈવર ઉપર છરાથી વારાફરતી હુમલો કરીને તેની હત્યા કરી, મોબાઈલ અને રોકડા દસ હજાર રૂપિયાની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. હત્યા બાદ લૂંટમાં ઉપયોગ થયેલ છરો અને એક મોબાઈલ આરોપીઓએ પોતાના પરિવારજનો પાસે છુપાવ્યાનું પણ સામે આવ્યું હતું જે પણ પોલીસે રિકવર કર્યા છે.

### જમનીની પત્ની ગર્ભવતી હોવાથી પૈસાની જરૂર હતી

આરોપી જમનીએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે, તે પરિવાર સાથે વાલિયા બ્રિજની નીચે પડાવ નાખીને રહે છે. તેની પત્ની ગર્ભવતી હોવાથી પૈસાની જરૂર હતી અને 12મીએ જમ્યા પછી તે બીજા આરોપી સાથે છરો લઈને ચોરી કે લૂંટ કરવાના ઈરાદે નીકળ્યાં હતાં. વાલીયા ચોકડીથી ભરૂચ તરફ જતાં હાઈવે પર ટેન્કર ડ્રાઈવર ઉંઘી રહયો હતો જેથી તેને લૂંટી લેવાની યોજના બનાવી હતી. બંને કેબિનમાં ચઢી ગયા હતાં અને ડ્રાઈવરના ખિસ્સામાંથી મોબાઈલ કાઢવાનો પ્રયાસ કરતાં તે જાગી ગયો હતો જેથી મોટો છરો મારી તેની હત્યા કરી નાંખી હતી.

**DATE: 02/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### બે દિવસ પહેલાં મુલદ ટોલપ્લાઝા પર કર્મચારીઓ સાથે ઝપાઝપી કરતાં ફરિયાદ થઇ હતી

# ભરૂચ તાલુકા પંચાયતના ભાજપ પ્રમુખના પુત્ર સહિત 4ની મારામારીમાં ધરપકડ કરાઈ




ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકા પંચાયતના પ્રમુખ અને ભાજપના અગ્રણીના પુત્ર સહિત ચાર આરોપીની અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે મારામારીના ગુનામાં ધરપકડ કરી છે. ભરૂચ નજીક નેશનલ હાઈવે નંબર 48 પર તારીખ 29મી એપ્રિલની રાત્રે ટોલ પ્લાઝાના કર્મચારીને માર મારવામાં આવ્યો હતો. બેરીકેટ હટાવવાની બાબતે થયેલી માથાકૂટ મારામારીમાં પરિણામી હતી જેમાં કારમાં સવાર ચાર લોકોએ ટોલ પ્લાઝાના કર્મચારીને ઢોર માર માર્યો હતો. આ સમગ્ર મામલાના સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા હતા.આ મામલે અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકે ઈજાગ્રસ્તે ગુનો નોંધાવ્યો હતો જેના આધારે પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી છે આરોપીઓમાં ભરૂચ તાલુકા પંચાયતના ભાજપના પ્રમુખ કૌશિક પટેલના પુત્ર અભિષેક પટેલ, ઝાડેશ્વર વિસ્તારમાં રહેતા ડોલીન પટેલ, ઈન્દ્રજીત ગોહિલ અને સચિન પટેલનો સમાવેશ થાય છે પોલીસે આરોપીઓ પાસેથી કાર પણ કબજે કરી છે.ભાજપના આગેવાનના પુત્રની જ મારામારીના ગુનામાં ધરપકડ થતા રાજકીય માહોલ ગરમાયો છે.

**DATE: 02/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

## સીઇઆઇઆર પોર્ટલ પરથી જાણકારી મળી હતી

# પાનોલી પોલીસે ચોરી અથવા ગુમ થયેલા 6 ફોન માલિકોને પરત કર્યા

ભાસ્કર ન્યૂઝ | પાનોલી



પાનોલી પોલીસે ગુમ અથવા ચોરી થયેલા રૂ.1.06 લાખની કિંમતના 06 મોબાઈલ મૂળ માલિકને પરત કર્યા હતા. CEIR પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા સીઈઆઈઆર પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જેના આધારે અંકલેશ્વર પાનોલી પોલીસ મથક પી.આઈ. એસ.એમ. દેસાઈ ના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે કેન્દ્ર સરકારના પોર્ટલના માધ્યમથી ગુમ થઈ ગયેલ મોબાઈલ ફોન એકટીવ થયા હતા. જેને સ્ટ્રેસ કરી મૂળ માલિકને પરત કરવામાં આવ્યા છે.પોલીસે રૂ.1.06.686 ની કિંમતના 6 મોબાઈલ ફોન મૂળ માલિકને પરત કરવામાં સફળતા મેળવી છે.

**DATE: 03/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# નેત્રંગ પો.સ્ટે.ના ગુનામા પાંચ વર્ષથી ફરાર આરોપી પકડાયો

નેત્રંગ : પીએસઆઈ ડી.એ.તુવર અને ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડની ટીમના માણસો જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં નોંધાયેલ ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે મહારાષ્ટ્ર રાજ્યમાં તપાસમાં ગયેલ હતા. જે દરમિયાન નેત્રંગ પો. સ્ટેશનમાં નોંધાયેલ ગુના હેઠળ છેલ્લા પાંચ વર્ષથી ફરાર આરોપી સુરેશ અમૃત પાટીલ (રહે.નાંદુરબાર, મહારાષ્ટ્ર) પકડી જેલભેગો કરી દેવામાં આવ્યો હતો.

**DATE: 03/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-02**

### અંકલેશ્વર કોર્ટે રેરેસ્ટ ઓફ ધ રેર કેસ ગણાવ્યો

# ૧૦ વર્ષની માસૂમ બાળકી સાથે દુષ્કર્મ આચરી હત્યા કરનારને ફાંસીની સજા

## માત્ર ૭૨ દિવસમાં સજાનો ઐતિહાસિક હુકમ

। અંકલેશ્વર ।

ભરૂચની ઝઘડિયા જીઆઈડીસીમાં તા.૧૬ ડિસેમ્બરે વિજય પાસવાન નામના શખ્સે પાડોશમાં રહેતાં શ્રમજીવી પરિવારની ૧૦ વર્ષની માસૂમ દીકરી લાકડા વીણતી હતી, ત્યારે તેની સાથે દુષ્કર્મ આચરી બાળકીના ગુપ્તાંગમાં સળીયાના ૩૦ ઘા કર્યા હતા. આ ગુનો સામે આવ્યા બાદ ભરૂચ એસ. પી મયુર ચાવડાએ SIT ની રચના કરી તેમની સીધી દેખરેખ હેઠળ તપાસ હાથ ધરાઈ હતી. SIT માં DYSP ડો. કુશલ ઓઝા , LCB PI મનીષ વાળા, SOG PSI M H વાઢેર, ઝઘડિયા PI નીતિન ચૌધરી સહિત ૧૦થી વધુ અધિકારીઓની નિમણૂક કરાઈ હતી.

પોલીસે ગણતરીના કલાકોમાં નરાધમની ધરપકડ કરી હતી. જ્યારે અત્યંત ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાળકી ૮ દિવસ મોત સામે ઝઝૂમ્યા બાદ વડોદરા ખાતે સારવાર દરમિયાન તેનું કરુણ મોત નિપજ્યું હતું. પોલીસે તપાસ પૂર્ણ કરી રેકોર્ડ સમયમાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ અંગેનો કેસ અંકલેશ્વર સેશન્સ કોર્ટમાં ચાલી જતા માત્ર ૭૨ દિવસમાં કોર્ટે આજે આરોપી વિજય પાસવાનને ફાંસીની સજા ફટકારી છે. આરોપીનો જીવ ના જાય ત્યાં સુધી લટકતો રાખવા કોર્ટે આદેશ કર્યો હોવાનું સરકારી વકીલ પરેશ પંડયાએ મીડિયાને જણાવ્યું હતું. વિજય પાસવાનની ફાંસી ઉપરાંત રૂા.૧૦ લાખ વળતર ચૂકવવા કોર્ટ દ્વારા આદેશ કરાયો છે. સરકારી વકીલે કેસને રેરેસ્ટ ઓફ રેરની કક્ષામાં ધ્યાને લેવા કોર્ટને અપીલ કરી હતી.

**DATE: 04/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સારંગપુરની મંગલદીપ સોસાયટીમાં દરોડો

# બિહારી યુવાન પાસેથી દેશી બનાવટનો તમંચો મળી આવ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સારંગપુર વિસ્તારની મંગલદીપ સોસાયટીમાં રહેતાં બિહારી યુવાન પાસેથી પોલીસે દેશી તમંચો ઝડપી પાડયો છે. આરોપી પાસે દેશી તમંચો કયાંથી આવ્યો અને કયાં હેતુસર લાવ્યો હતો તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

સારંગપુરની મંગલદીપ સોસાયટીમાં મકાન નંબર 249 માં પ્રથમ માળે રહેતા બિહારના સોનુકુમારધીરો મંડલએ અંગત અદાવતમાંઘરમાં દેશી બનાવટના તમંચોસંતાડી રાખ્યો છે તેવી માહીતી મળતાં પીએસઆઇ જાડેજાની ટીમે દરોડો પાડયો હતો. જેમાં મકાનની તલાશી લેવામાં આવતાં એક કપડાની અંદર વીંટાળીને રાખેલો તમંચો મળી આવ્યો હતો. આરોપી સોનુએ અંગત અદાવતમાં તમંચો લાવ્યો હોવાની કબુલાત કરી હતી. આરોપી કોઈ ગુનાહિત કૃત્ય કરે તે પહેલાં જ પોલીસે તેને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 04/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## એક મહિના બાદ ફરીથી પોલીસ સક્રિય

# ઝાડેશ્વર ચોકડીએ હેલમેટ વિનાના વાહનચાલકો દંડાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ પોલીસે 1 એપ્રિલથી ભરૂચમાં ટૂ વ્હીલર વાહન ચાલકો માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત કરી દીધું હતું.ત્યાર બાદ પોલીસ દ્વારા શહેરમાં વિના હેલ્મેટે મોટરસાયકલ ચલાવનાર તમામ ચાલકોને 500 રૂપિયાનો દંડ ફટકારતા ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.એક માસ પછી ચાલકો હેલ્મેટ વિના બાઈક હંકારતા જોવા મળતા ઝાડેશ્વર પોલીસ દ્વારા અચાનક શનિવારે સાંજે હેલ્મેટ વગર બાઈક ચલાવનારને દંડ ફટકારવાની કાર્યવાહ ફરી થી શરૂ કરતા ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.લોકોએ અભરાઈ ઉપર ચઢાવી દીધેલ હેલ્મેટ ફરી થી પહેરવાની નોબત આવી હતી. ઉલ્લેખનીય છે કે ઝાડેશ્વર ચોકી પોલીસ દ્વારા અચાનક હેલ્મેટ વિનાને ફરીથી દંડ ફટકારતા શિક્ષિત લોકોએ પોલીસની પ્રશંસા કરી હતી.

**DATE: 04/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## શિલાલેખ સોસાયટીમાં પોલીસની કાર્યવાહી

# ઉટીયાદરા ગામમાંથી ત્રણ લાખના દારૂ સાથે એક ઝબ્બે



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીએ અંકલેશ્વર તાલુકાના ઉટિયાદરા ગામમાં મોટી કાર્યવાહી કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે શિલાલેખ સોસાયટીમાં દરોડા પાડવામાં આવ્યા હતા.સુરતના કોસંબાનો બુટલેગર જીજ્ઞેશ કૌશિક પટેલ ભાડાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડીને રાખતો હતો. પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી વિદેશી દારૂની 1664 બોટલ જપ્ત કરી હતી.આ કાર્યવાહીમાં પોલીસે રૂ.3 લાખનો દારૂ, મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ રૂ.4.06 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી જીજ્ઞેશ પટેલની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે વિદેશી દારૂ મોકલનાર અને મંગાવનાર સહિત અન્ય 10 આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.